મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં અઘોષિત લોકડાઉનથી સન્નાટો

મોટાભાગના શોપીંગ સેન્ટરો બંધ : અનાજ-કરીયાણાની દુકાનો અને દૂધ પાર્લર પણ અમૂક જ કલાક ખુલ્લા રહે છે

ગાંધીનગર, તા. ૭

કોરોનાના કહેરના કારણે શહેરની રફતાર જાણે થંભી ગઈ છે. બધા જ જાણે કોરોના સામે લડી રહ્યાં છે. જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સિવાયની દુકાનો બંધ છે. અનાજ-કરીયાણાની દુકાનો પણ માત્ર થોડાક સમય માટે જ ચાલુ રહે છે. અઘોષિત લોકડાઉનના સમયમાંથી સૌ કોઈ પસાર થઈ રહ્યા છે. છેલ્લા એક-દોઢ મહિનાથી કોરોનાનો કાળો કેર ચારેકોર જોવા મળી રહ્યો છે. એટલા બધા દર્દીઓ છે કે હોસ્પિટલોમાં ક્યાંય જગ્યા નથી. ખાનગી લેબોરેટરીઓમાં અને દવાખાનાઓમાં દર્દીઓની લાંબી લાંબી કતારો જોવા મળે છે. ઘરે ઘરે દર્દીઓ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. લોકો ઘરની બહાર નીકળતા ડરી રહ્યાં છે. સ્થાનિક સત્તાતંત્રએ ૧૨મી સુધી તમામ દુકાનો અને શૉરૂમ બંધ રાખવાનો આદેશ કર્યો છે. અનાજ અને કરીયાણાની દુકાનો તથા દૂધ પાર્લર ખુલ્લા રાખવાના આદેશો છે. પરંતુ દુકાનદારો માત્ર ત્રણ-ચાર કલાક દુકાનો ખુલ્લી રાખીને તુરંત જ બંધ કરી દે છે. શહેરના ચીપટાઈપ શોપીંગ સેન્ટરોની નાની કરીયાણાની દુકાનો બંધ જ છે. શહેરમાં જાણે અઘોષિત લોકડાઉન હોય તેવી સ્થિતિ

સર્જાઈ છે. સાંજ પડતાં જ લોકો ઘરમાં ભરાઈ જાય છે. બાગ બગીચાઓ અને શોપીંગ સેન્ટરો બંધ હોવાથી બહાર હરવા ફરવા પર પ્રતિબંધ આવી ગયો છે. જેના કારણે પણ શહેરમાં સન્નાટો જોવા મળે છે. ઉનાળાના સમયમાં શહેરમાં મોડી રાત સુધી ઠંડા પીણાં અને શેરડીના કોલાવાળાને ત્યાં ભીડ જોવા મળે છે પરંતુ ગયા વર્ષે અને આ વર્ષે હજુ સુધી કોરોનાના કહેર હોવાથી આવા દૃશ્યો જાણે ભુલાતા જાય છે. રાત્રે આઠ વાગે કરફ્યુ અમલી બને તે પહેલાં તો વસાહતીઓ ઘર ભેગા થઈ જાય છે. કોરોનાએ જાણે દોડતી ભાગતી જીંદગી પર બ્રેક મારી દીધી છે. સમય જાણે છેલ્લા બે વર્ષથી એક જ ઘરી પર અટકી ગયો છે. કોરોનાનો ડર એવો ઘર કરી ગયો છે કે લોકો હવે પોતાના સગા સંબંધીઓ અને મિત્રોને ત્યાં જતાં પણ અચકાય છે.

જન્મદિને વધામણી

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય

ડૉ. ગાયત્રીબેન બારોટ
આચાર્ય, નીમા આર્ટ્સ કોલેજ
મો.૭૯૨૩૨૯૬૧૫,૯૯૭૪૧૩૬૩૧૭

હિરેનકુમાર વી રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧

હની ડી ગજ્જર
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩

મનીષા એમ નાઈ
મો. ૭૦૪૩૮ ૨૮૨૬૪

પટેલ જશુભાઈ રમણભાઈ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮

ભાગ્યશ્રી ઉમંગ લીંબાચીયા

તસવીર
શિલ્પેશકુમાર પરમાર

લાયન્સ ક્લબ ફેમીના દ્વારા કોરોના દરમ્યાન સેવા કાર્યો

ગાંધીનગર, તા. ૭

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના, પેન્ડેમીકની અતિગંભીર સ્થિતિમાં સમાજ સેવા અર્થે નોંધપાત્ર યોગદાન આપી રહીછે. કોરોનાની આ મહામારી માં જીવનજરૂરી ચીજવસ્તુઓની જરૂરીયત પુરી કરવા ઉપરાંત સંસ્થા દ્વારા ટેલી કાઉન્સીલીંગની સેવા 'સથવારો' શરૂ કરાઇ છે.જે સંદર્ભે સંસ્થા ધ્વારા સ્વયંસેવકોને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપી તૈયાર કરવામાં આવ્યા છે આ ઉપરાંત ડો. ગૌરાંગ થાનકી અને ડો. ધ્રુવ ઠક્કર દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી. માનસિક રીતે હતાશ અને ભયભીત નાગરિકો આ સેવાનો લાભ લઇ રહ્યા છે. લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા રાત-દિવસ ખડે પગે કામ કરી રહેલા હેલ્થ વર્કર્સ અને મેડીકલ સ્ટાફને દરરોજ લગભગ ૫૦ ટીફીનની સેવા રાધે-રાધે પરિવારની મદદથી પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત પ્રોત્સાહન ના ભાગરૂપે 'સ્વયંમસિધ્ધા' વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સાથે સંસ્થાનું સોવેનિયર 'અભિવ્યક્તિ' નું વિમોચન કરવામાં આવ્યું જેમાં કાર્યક્રમોના અહેવાલ સાથે મેમ્બર્સ દ્વારા લિખિત સુંદર લેખોનો નો સમાવેશ કરાયો છે. આ તમામ સાથ સહકાર બદલ ફેમીના ક્લબના તમામ સભ્યો નો પણ સંસ્થા દ્વારા આભાર માનવામાં આવ્યો છે.

સેક્ટર-૨૪માંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ 'છ' ટાઈપ વિસ્તારમાંથી હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે સે. ૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૪, ૮૪૨/૨ 'છ' ટાઈપ ખાતે રહેતા રામાભાઈ નાનુભાઈ વઘાડીયા પોતાના પરિવાર સાથે રહે છે. અને તેઓ જુના સચિવાલય બ્લોક નં. ૧૨ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ખાતે વર્ગ-૪ સફાઈ કામદાર તરીકે ફરજ બજાવે છે. નોકરીએ આવનજાવન માટે તેઓ બાઈક નં. જીજે.૧૮. સીઈ.૫૭૩૪નો ઉપયોગ કરતા હતા. ગત તા. ૪ ના રોજ સાંજના ૫.૩૦ વાગે પાર્ક કરેલ હતુ. જ્યારે રાત્રીના સાડા ત્રણ વાગે પાણી પીવા માટે જાગ્યા હતા ત્યારે જોયુ તો ઘર પાસે પાર્ક કરેલુ બાઈક ન હતુ. જેથી આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી હતી પરંતુ આજદિન સુધી બાઈક મળી આવ્યુ નથી. સેક્ટર-૨૧ પોલીસે રૂ. ૧૦ હજાર બાઈકની કિંમત ગણી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વી.એચ.પી. અને બજરંગ દળ દ્વારા શહેરમાં નિઃશુલ્ક શબવાહિની

ગાંધીનગર શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિના મૂલ્યે શબ વાહિનીની સેવા શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે ગુજરાત ક્ષેત્ર મંત્રી અશોકભાઈ રાવલ, ઉત્તર ગુજરાત પ્રાંત મંત્રી અશ્વિનભાઈ પટેલ, ઉત્તર ગુજરાત પ્રાંત સેવા પ્રમુખ શૈલેશભાઈ પટેલ સહિત ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો હાજર રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન સો રૂપિયે લઈ લો... સસ્તા જ છે. ત્રીજી લહેરમાં દોઢસો ઉપર જવાના... કહી દઉં છું...!!

જીએમઈઆરએસ નર્સીંગ એસોસિએશન દ્વારા પડતર પ્રશ્નો મુદે મુખ્યમંત્રીને આવેદન પત્ર અપાયુ

તા. ૧૧ સુધીમાં હકારાત્મક નિર્ણય નહીં આવે તો એસોસિએશન દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા સંચાલિત જીએમઈઆરએસ હોસ્પિટલના નર્સિંગ કર્મચારીઓના પડતર પ્રશ્નોનું હજુ સુધી નિરાકરણ આવ્યું નથી. જીએમઈઆરએસના નર્સીંગ કર્મચારીઓ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો પડતર પ્રશ્ને સરકાર સમક્ષ કરાઈ છે. તેમ છતાં ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે જીએમઈઆરએસના નર્સીંગ કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નનો ઉકેલ આગામી ૧૧-૫-૨૧ સુધીમાં નહી આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી આપતુ આવેદનપત્ર રાજ્યના મુખ્યમંત્રીને પાઠવ્યુ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલીત મેડીકલ કોલેજ રાજ્યના વિવિધ શહેરોમાં આવેલી છે. એક દાયકાથી વધુ સમયથી જીએમઈઆરએસમાં નર્સીંગ સ્ટાફ તરીકે કર્મચારીઓ ફરજ બજાવે છે ત્યારે રાજ્ય સરકારના અને જીએમઈઆરએસના કર્મચારીઓ ભેદભાવની નિતી તંત્ર દ્વારા રાખવામાં આવી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. નર્સિંગ સ્ટાફની ૧૦ જેટલી પડતર માંગણીઓ છે જેનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. જેમાં સરકાર હસ્તક નર્સીંગ કર્મચારીઓ અને જીએમઈઆરએસના ડૉક્ટર સ્ટાફને રાજ્ય સરકાર દ્વારા ૭મુ પગારપંચની ૧-૧-૧૬ થી અમલવારી કરાઈ છે. જ્યારે જીએમઈઆરએસના કર્મચારીઓને ૧-૪-૧૯ થી અમલવારી કરાઈ છે. જે યોગ્ય નથી. ત્યારબાદ વર્ષ ૨૦૧૦ થી નર્સિંગમાં ફરજ બજાવતા ભાઈ-બહેનોને પ્રમોશન આપવામાં આવ્યા નથી જેથી પોલીસી નક્કી કરી હેડ નર્સ, એ.એન.એસ., ડી.એન.એસ. અને એન.એસ. કક્ષાના પ્રમોશન આપવા અન્ય રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ એલ.ટી.સી.નો લાભ આપવો, વાહન વ્યવહાર ભથ્થુ આપવુ, કોરોનામાં ફરજ બજાવતા જીએમઈઆરએસ કર્મચારીઓ સંક્રમિત થયા છે અને મૃત્યુને પણ ભેટ્યા છે તો આશ્રિત પરિવારોને નાણાંકીય સહાય આપવી. હાલમાં મેડીકોલ કોલેજ સંચાલીત હોસ્પિટલમાં આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓને આવનારી ભરતીમાં પ્રાથમિકતા આપવી સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. ત્યારે ગુજરાત નર્સીંગ એસોસિએશનના નેજા હેઠળ કર્મચારીઓએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી ઝડપી યોગ્ય નિકાલ લાવવા આવેદનપત્ર પાઠવી રજુઆત કરાઈ છે. વારંવાર લેખિત અને મૌખિક રજુઆત બાદ પણ સરકાર દ્વારા અત્યાર સુધી કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા કર્મચારીઓમાં પણ રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે જીએમઈઆરએસ નર્સીંગ એસોસિએશન દ્વારા પોતાની પડતર માંગણીઓ અંગે તા. ૧૧-૫-૨૧ સુધીમાં હકારાત્મક ઉકેલ નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચિમકી એસોસિએશન દ્વારા ઉચ્ચારવામાં આવી છે. ત્યારે એક તરફ એન.એસ.એમ.ના કર્મચારીઓ અને બીજી તરફ જીએમઈઆરએસનો નર્સીંગ સ્ટાફ દ્વારા પડતર પ્રશ્નોને લઈ આંદોલન છેડાશે તો આરોગ્યલક્ષી સેવાઓ કથળી પડે તેવી દહેશત જોવા મળી રહી છે.

શહેરના પ્રજ્ઞાચક્ષુઓને સ્માર્ટ સ્ટીકનું વિતરણ

ગાંધીનગર વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારની પ્રેરણાથી આજરોજ મહાપ્રભુજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે ગાંધીનગરના પ્રજ્ઞાચક્ષુઓને સ્માર્ટ સ્ટીક આપવામાં આવી હતી. આ પ્રસંગે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણી, ડૉ. નિતા સેખાત, ડૉ. હાર્દિક તલાટી, કિરીટભાઈ સોની સહિતના સભ્યોનો પ્રજ્ઞાચક્ષુ ભાઈઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

જાગૃત નાગરિક પરિષદે પાંચ વર્ષ પહેલાં 'આરોગ્યનો અધિકાર' માંગ્યો હતો

ગાંધીનગર તા. ૬

રાજ્યની જાહેર જનતા માટે આરોગ્ય સેવાઓને સુદઢ બનાવવા માટે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આજથી લગભગ પાંચ વર્ષ પહેલાં તા.૧૦મી જૂન ૨૦૧૬ના ઠરાવથી ગુજરાત સરકારને અનુરોધ કર્યો હતો જેમાં સામાન્ય નાગરિકોને જિલ્લાની સિવિલ હોસ્પિટલોની સુવિધાઓને વિસ્તારવા, તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સિવિલ હોસ્પિટલની કક્ષામાં અપગેડ કરવા વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આજની પરિસ્થતિને જોતાં લાગે છે કે આ બાબતે સરકાર તરફથી કોઈ ખાસ અમલવારી કરવામાં આવી નથી, હવે જ્યારે પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની છે ત્યારે જાગૃત નાગરિક પરિષદ પ્રજાજનોને તમામ પ્રકારની આરોગ્યની સુવિધાઓ ઘર આંગણે મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરીને સરકાર રાજ્યના નાગરિકોને 'આરોગ્યનો મૂળભૂત અધિકાર' આપવાના આદર્શની દિશામાં યોગ્ય પગલાં તેમજ સીમાચિહ્ન રૂપી નિર્ણયો સત્વરે લઈ દેશને નવી દિશા બતાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરે છે. કોરોના વાયરસ સંક્રમણની વર્તમાન પરિસ્થિતિ તેમજ ભવિષ્યમાં આવનારી સંક્રમણની પરિસ્થિતિઓનો સામનો કરી શકાય તે માટે રાજ્યમાં આરોગ્ય સેવાઓ વિસ્તારવી અનિવાર્ય છે અને તેથી આવતા ત્રણ વર્ષ માટેના રાજ્ય સરકારના બજેટની ૧૫ થી ૨૦ ટકા રકમ આરોગ્ય સુવિધાઓ વિકસાવવા માટે સુનિશ્ચિત કરવા સાથે ઉત્સવો અને મેળાવડા બંધ કરી બિન ઉત્પાદક ખર્ચને નિયંત્રિત કરવામાં આવે, રાજ્યની તમામ સિવિલ હોસ્પિટલોમાં સ્વતંત્ર ઓક્સિજન પ્લાન્ટ તથા વેન્ટિલેટર સાથે પુરતી સંખ્યાના બેડસની સુવિધા ઊભી કરવામાં આવે, તમામ તાલુકાની કોટેજ હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સિવિલ હોસ્પિટલની કક્ષામાં અપગ્રેડ કરવામાં આવે, તેના કેમ્પસમાં દર્દીના સગા સંબંધીઓ માટે સેનેટોરિયમની સુવિધા ઊભી કરવામાં આવે, નવી મેડિકલ કોલેજો ઊભી કરવા સાથે હાલની મેડિકલ કોલેજોની બેઠકો વધારવા પરિષદ દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું. આ સાથે હોસ્પિટલોમાં તેમજ યુનિવર્સિટીઓમાં નર્સિંગ અભ્યાસક્રમની કોલેજો શરૂ કરવામાં આવે, હોસ્પિટલોમાં પૂરતી સંખ્યામાં મેડિકલ તેમજ નર્સિંગ સ્ટાફ ઉપલબ્ધ થાય તે માટે હોસ્પિટલ કર્મચારીઓ માટે ક્વાર્ટર્સની સુવિધા હોસ્પિટલ કેમ્પસમાં જ ઊભી કરવામાં આવે, મેડિકલ કોલેજોમાં તૈયાર થતાં તમામ તબીબો માટે રાજ્યમાં ત્રણ વર્ષ માટે સેવાઓ આપવાનું ફરજિયાત કરવામાં આવે અને બોન્ડની રકમના વિકલ્પો રદ કરવામાં આવે, મેડિકલ અને નર્સિંગના વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ, સર્વિસમાં તેમને આકર્ષક પગાર ધોરણ, કામગીરીને લક્ષમાં લેતાં ૨૦ટકા વિશેષ પગાર - ભથ્થા, વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરેપૂરી રીતે કાર્યાન્વિત કરવામાં આવે, મોટી કક્ષાના બિઝનેસ હાઉસ, સહકારી સંસ્થાઓ, સુપ્રસિદ્ધ દેવસ્થાનો અને સંપ્રદાયો, વગેરે તેમના સામાજિક સેવા ફંડનો ઉપયોગ કરીને રાજ્યમાં મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ કક્ષાની હોસ્પિટલ ઊભી કરે તે માટે પ્રોત્સાહક પોલિસી જાહેર કરી, તેનો અમલ સુનિશ્ચિત કરવામાં આવે, જીઆઈડીસીમાં ઔદ્યોગિક કામદારોને આરોગ્ય સેવાઓ, આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોને હોસ્પિટલના સંચાલનમાં ભાગીદાર બનાવવા રાજ્યની આરોગ્ય સેવાઓના વિસ્તરણ અંગેના સૂચનોની ઉચ્ચકક્ષાએ વિચારણા કરી તેના અમલ માટે નાણા સચિવ , આરોગ્ય સચિવ અને સામાજિક સેવા સચિવની એક ઉચ્ચ કક્ષાની સમિતિ નીમવામાં આવે અને વૈશ્વિક સ્ટાન્ડર્ડસ મુજબ ૧૦ હજારની વસ્તીએ ૧૦ થી ૪૫ હોસ્પિટલ બેડ સામે આપણા દેશમાં ૧૦ હજારની વસ્તી સરેરાશ પાંચ બેડ ઉપલબ્ધ હોવાનો અંદાજ સામે ઓછામાં ઓછી દસ હોસ્પિટલ બેડસ ઈમર્જન્સી ધોરણે ઊભી કરવામાં આવે, ઓક્સિજનનું ઉત્પાદન કરતાં યંત્રો તાત્કાલિક ઊભા કરી લિક્વિડ ઓક્સિજન વહન કરતા કાયોજેનિક ટેંકર્સ અને ઓક્સિજન ટકસ પર્યાપ્ત સંખ્યામાં ઉપલબ્ધ કરાવે, ઓક્સિજન કોન્સેન્ટર્સ તેમજ ઓક્સિજન સિલિન્ડર્સ નિર્માણ કરવાની ફેક્ટરીઓ માટે પ્રોત્સાહક નીતિ સાથે દર્દીઓ કે તેમના પરિવારજનોને દર્દીની સારવાર અંગે હોસ્પિટલ સામે કોઈ પણ જાતની ફરિયાદ હોય તો તેને સક્ષમ સત્તા સુધી પહોંચાડવાનું કોઈ પ્લેટફોર્મ અને તે હોસ્પિટલ તંત્રથી સ્વતંત્ર ફરિયાદ નિવારણ સત્તા, સામાન્ય નાગરિકોની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે એલોપથી ઉપરાંત આયુર્વેદ, યોગ, હોમિયોપથી વગેરે જેવી આરોગ્ય પદ્ધતિઓને પ્રોત્સાહન આપતી યોજનાઓ જાહેર કરવાના સૂચન પણ કરાયાં હતા.

ખૂણેખાંચરેથી

- આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી જિલ્લાના પ્રવાસે આવવાના હોવાથી તંત્ર આખો દિવસ વ્યસ્ત રહ્યુ હતુ.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬૩૮ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.
- ગાંધીનગર શહેરમાં ૧૮+ થયેલા યુવાઓમાં રસીકરણનો પ્રતિસાદ સારો જોવા મળ્યો છે. અત્યાર સુધીમાં ૮૫૦૦ થી વધુ યુવાઓનું વેક્સિનેશન થયું છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૩૧૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.
- છાલા આરોગ્ય કેન્દ્ર ખાતે વેક્સિન ઓછી હોવાથી આ પંથકમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.
- જિલ્લામાં ૯ દિવસ પછી કોરોનાના કેસોનો આંક ૩૦૦ થી નીચે જવા પામ્યો છે.

વાવોલના અવાવરું પડેલા સ્મશાનનો કાયાકલ્પ કરતા ગામના અગ્રણી

ગાંધીનગર તા.૭

કોરોના સંક્રમણના કપરા કાળમાં ગાંધીનગરના સ્મશાનો સે.૩૦નું મુક્તિધામ અને સરગાસણ ખાતેનું રુદ્રભૂમિ અંતિમધામ પર ખૂબજ ભારણ વધી જવા પામ્યું છે અને મૃતકની અંતમક્રિયા માટે સ્વજનોને કલાકો સુધી રાહ જોવી પડે તેવી લાઇનો લાગેલી જોવા મળે છે. આ સ્થિતિમાં ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવાયેલા ગ્રામ્ય વિસતારોના પોતાના જુના સ્મશાનોનો ઉપયોગ કરવામાં આવે તો આ બંન્ને મુખ્ય સ્મશાનો પરનો બોજ હળવો થઇ શકે છે. આ બાબતને અનુલક્ષીને વાવોલમાં ઘણા વખતથી વણવપરાયેલા ગામના સ્મશાનનો ગામના અગ્રણી દ્વારા કાયાકલ્પ કરવામાં આવ્યો છે.

વાવોલ સ્મશાન ગૃહનો ઘણા વખતથી સાફ સફાઈના અભાવે ઉપયોગ કરવામાં તકલીફ પડતી હોવાથી ગામના અગ્રણી પ્રેમલસિંહ ગોલ દ્વારા સ્મશાન સંકુલમાં સાફ સફાઈ કરાવાઇ હતી. આ સફાઇ કાર્યમાં તેમણે જેસીબી મશીનનો ઉપયોગ કરવા સાથે કામદારો સાથે પોતે જાતે શ્રમદાન કરીને પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યુ હતું. આ સાથે પ્રેમલસિંહે સ્મશાન સંકુલ ખાતે કાયમી ધોરણે એક પગારદાર કર્મચારીની વ્યવસ્થા કરી છે જેથી અંતિમવિધિ માટે આવનાર ડાઘુઓને જરૂરી સુવિધા સહાય મળી રહે, તેમજ અગ્નિદાહ માટે લાકડા પણ ત્યાંથી મળી રહે તે વ્યવસ્થા માટે પણ તેમના દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે જે ટૂંક જ સમયમાં ઉપલબ્ધ થઈ જશે.

દુઃખદ અવસાન

હર્ષભાઈ અને ઉર્વિ આચાર્યના પિતાશ્રી અને હરિશભાઈના મોટાભાઈ, પ્રા. ડૉ. રાજેન્દ્ર જાનીના કાકા અને જનકરાય ત્રિવેદીના બનેવી તથા હાર્દિકકુમાર આચાર્યના સ્વસુર શ્રી મહેશભાઈ પ્રેમશંકર જાની (સત્તર તાલુકા છીંકણીવાળા જાની પરિવાર- લીંબડી)નું દુઃખદ અવસાન થયું છે.

સદગતનું ટેલિફોનિક બેસણું: તા. ૮.૫.૨૦૨૧, શનિવાર, સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમિયાન
પર સંપર્ક નંબર : હર્ષભાઈ મહેશભાઈ જાની (પુત્ર) - ૯૦૩૩૩-૩૭૩૫૯.